સૌરાષ્ટ્ર ભૂમિ
તંત્રી લેખ
તા. ૮-૧-૨૦૧૪, બુધવાર

# જેથી વ્યવસ્થા પારદર્શી બને

દેશમાં માહિતી અધિકાર એક એવી ક્રાન્તિ રૂપે આવ્યો છે જેમાં ના હિંસા છે, ના કોઈના અધિકારો પર તરાપ, વ્યવસ્થામાં પારદર્શિતા અને જનવાદી મજબૂતી માટે ફક્ત સવાલ છે અને જાણકારીનો હક્ક છે. આ ક્રાંતિ જે ગતિથી દેશના દરેક હિસ્સામાં પ્રવેશી રહી છે, આરટીઆઈના અગ્રણી કાર્યકર્તાઓ પર હુમલા રૂપે આ જનવાદી સંકલ્પના માટે પડકારો પણ એટલા જ ઝડપથી ઊભા થઈ રહ્યા છે. આ લોકતાંત્રિક પારદર્શિતા અને ખામોશ જનવાદી ક્રાંતિને બચાવવા માટે વ્હીસલ બ્લોઅર બિલને સંસદની મંજૂરી મળી તે મોટી વાત છે. ભારત ગણરાજ્ય બનવા અને સંવિધાનના લાગુ થયા બાદ દેશના નાગરિકો પાસેથી માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર હતો પરંતુ આ અધિકાર તોને લાબી ન્યાયિક પ્રક્રિયા બાદ જ મળી શકતો હતો. ૧૩ ઑક્ટોબર, ૨૦૦૫ના રોજ માહિતી અધિકાર અધિનિયમ દ્વારા ભારત સરકારે તેને સર્વસુલભ બનાવી દીધો.

માહિતી અધિકાર અધિનિયમ પાછળનો હેતુ સ્પષ્ટ છે- સરકારી કાર્યપ્રણાલીમાં ખુલ્લાપણું અને પારદર્શિતા લાવીને જનવાદની મજબૂતી માટે નાગરિકોનું સશક્તિકરણ કરતાં તેમની ભાગીદારી વધારવી. માહિતી પ્રાપ્તિની આ સરળતા અને પરિવર્તનનું મૌન આગમન ભ્રષ્ટ તંત્ર માટે ગભરાટનું કારણ બની રહ્યું છે. આરટીઆઈ કાર્યકર્તાઓ સતત આ ગભરાટનો શિકાર બની રહ્યાં છે. આરટીઆઈ કાર્યકર્તાઓ પર અત્યાર સુધી વીસથી વધુ હુમલામાં ડઝનેક લોકો માર્યા ગયા છે.

આ સમાજના એવા લોકો છે જેમણે આરટીઆઈના કાયદાનો સહારો લઈને અનેક સ્તરો પર સરકારી સંસ્થાઓના ભ્રષ્ટાચારથી લઈને ભૂમાફિયાના કૌભાંડો અને રાજકીય ગરબડોને ઉજાગર કરી છે પરંતુ આરટીઆઈ કાર્યકર્તાઓની હત્યા થોડા સવાલ જરૂર પેદા કરે છે. હકીકતમાં માહિતી અધિકાર અધિનિયમમાં એવી જોગવાઈ છે, જે હાલના સરકારી માળખાની અંદર રહીને કામ કરે છે. તેના માટે અલગથી કોઈ સ્વાયત્ત નિયામક સંસ્થા નથી જે આ પ્રયાસોનો બચાવ કરી શકે. વાસ્તવમાં તે જનવાદના વિકાસની એક બેહદ જટિલ અવસ્થા છે જેમાં માહિતી અધિકાર કાયદાને એ જ તંત્રમાં રહીને કામ કરવાનું છે, જેની ગરબડને ઉજાગર કરવાની જવાબદારી માટે તેની રચના થઈ છે. તેની મુશ્કેલી એ છે કે વર્તમાન શાસન પ્રણાલીની અંદર રહીને સ્વાયત્તતાને ચાલુ રાખતા, તેણે જ વ્યવસ્થાને સાફ કરવાની જવાબદારીઓ પણ પૂરી કરવાની છે.

પરંતુ શાસન પ્રણાલીમાં રહી કામ કરતાં સ્વાયત્તતા હંમેશાં શાસક વર્ગ તરફથી પ્રભાવિત થાય છે. રાજ્યો અને કેન્દ્રની માહિતી પંચોમાં નિયુક્તિની કોઈ પોતાની સ્વાયત્ત વ્યવસ્થા નથી. તેથી તેમને નિયુક્ત કરનાર તંત્ર તેમને પ્રભાવિત કરે છે. પછી આરટીઆઈ અંતર્ગત ભ્રષ્ટાચાર પર અંકુશ લગાવવા અને ભ્રષ્ટોને સજા કરવા માટે કોઈ વિનિયામક સંસ્થા નથી. શાસકીય ગરબડો, માફિયા અને રાજનીતિનું આ ગઠબંધન જ પારદર્શિતા આંદોલનના કાર્યકર્તાઓ પર જીવલેણ હુમલાનું દુઃસાહસ કરે છે. એમાં કોઈ બેમત નથી કે આરટીઆઈ એક એવું લોકતાંત્રિક ઓજાર છે, જે શાસન પ્રણાલીની ગરબડો અને ભ્રષ્ટાચારને મિટાવતા આમ આદમીમાં જનવાદી જાગૃતતાનો પ્રચાર કરે છે પરંતુ આ જાગૃતતાને બચાવી રાખવા માટે બે સ્તરો પર આ અધિનિયમને સશક્ત કરવાની જરૂર છે. એક તો એવી નિયામક સંસ્થાની રચના કરવામાં આવે, જે આ અધિનિયમ દ્વારા ભ્રષ્ટાચારના દોષી જણાયેલા વ્યક્તિઓ કે સંસ્થાઓને તરત દંડિત કરી શકે. બીજું, માહિતી પંચને એક એવી સ્વાયત્ત સંસ્થા રૂપે વિકસિત કરવી જોઈએ કે જેમાં ભરતીથી માંડીને નિયુક્તિ સુધી કોઈ બહારની દખલ ન હોય. હવે આરટીઆઈથી ઉજાગર આ જ પ્રશાસનિક ગરબડો પર અંકુશ લગાવવા માટે વ્હીસલ બ્લૉઅરનો રસ્તો સાફ કરવામાં આવ્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**: રત્નકણિકા :**

બીજાની બુરાઈ કરવાનું છોડી દો, બધાય તમારા વશમાં થઈ જશે. - અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૦, શા. શાકે. ૧૯૩૫, પા. અમરદાદ-૧૩૮૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ -૧૪૩૫, જૈન વીર સં.-૨૫૪૦, કચ્છી સં. ૨૦૭૦, પોષ સુદ-૮ શાકંભરી નવરાત્રી પ્રારંભ, દુર્ગાષ્ટમી, પંચક રાત્રે ૨૦:૪૫ ક.થી ઉતર્યા તા.૮ જાન્યુઆરી ૨૦૧૪, બુધવાર, પારસી તા. ૨૪, મુસ્લિમ તા.૬, રેવતી નક્ષત્ર, શિવયોગ, વિષ્ટીકરણ, સૂ.ઉ.૭:૩૫, સૂ.અ.૧૮:૨૦ આજનો દિવસ સવારે ૯:૦૮ ક.થી શુભ છે. આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), રાત્રે ૨૦:૪૫ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

*-કનકચંદ્ર છગનલાલ વ્યાસ*

# શિક્ષણનો વ્યાપ વધવા છતાં અન્ય રાજ્યોની સરખામણીએ શિક્ષણનું સ્તર તળીયે જતું અનુભવાય રહ્યું છે

## દેશમાંથી વિવિધ અભ્યાસક્રમ ગુજરાત તરફ આવતા થયા છે

રાજય સરકાર શિક્ષણ માટે ખુબ જ કૃતજ્ઞ છે છેલ્લા દાયકાથી કન્યાકેળવણી મહોત્સવ કરીને તેમજ ખુલતા સત્રમાં શાળા પ્રવેશોત્સવ પણ વેકેશન પુર્ણથતાની સાથે જે ઉજવવામાં આવે છે. કન્યાકેળવણીના ઉત્સવના ભાગરૂપે કન્યાઓને તથા વાલીઓને પ્રોત્સાહિત કરવા માટે નર્મદા બોન્ડ વગેરે અને વધુ જાગૃત કરવાના પ્રયાસ કરવામાં આવે છે. પછાત વર્ગની કન્યાઓને સાયકલ વગેરેનું પ્રોત્સાહન આપીને મોટું બજેટ ફાળવવામાં આવે છે. શિક્ષણનું સ્તર ઉંચુ લેવા અને ડ્રોપઆઉટ રેસીયો ઘટાડવા માટે અનેક પ્રયાસો ચાલુ છે. શાળામાં પીવાનું શુધ્ધપાણી, સેનેટ્રેશનની સુવિધા, રમત-ગમત માટેના મેદાનો તથા ઘટતા ઓરડાઓ સાથે અનેક પ્રયાસો રાજય સરકારે કરેલા છે.

શિક્ષકોની ઘટતી માટે વિદ્યાસહકોની ભરતી મધ્યાહન ભોજનની યોજનાને માટે અસરકારક બાનાવવા માટે વિવિધ સુવિધાએ પ્રસ્થાપિત કરવામાં લખલૂટ ખર્ચ કરવામાં આવે છે. કન્યાકેળવણી અને શિક્ષણ પ્રત્યે જાગૃતતા લાવવા માટે અખબારોમાં જાહેર ખબરો, જાહેર સ્થળોપર પોસ્ટરો બેનરો લગાવીને અર્થાત પ્રયાસો થાય છે. સરકારના મંત્રીઓ પદાધિકારીઓ મોટી વણઝાર કામે લગાડવામાં આવે છે. પછાત વર્ગ અને રાજ્યના છેવાડાના સીમાડા સુધી જાગૃતી લાવવા માટે અનેક પ્રયત્નો થઈ રહ્યાં છે જેમાં બે મત નથી.

સરકાર પક્ષ અને તંત્રના આગવા પ્રયાસો છતાં શિક્ષણ પ્રત્યે ઉદાસીનતા તે ચિંતાનો વિષય છે. આ માટે ખૂટતી કડીને વિકસવવાની તાતી જરૂર છે. તેમ છતાં કહેવું ઘટે કે સરકારના પ્રયાસો ચોક્કસ રીતે ચાલે છે. જાગૃતતામાં સુધારો થયો છે. તેમ છતાં ડ્રોપઆઉટ રેસીયો ઘટાડવાની મુખ્ય જરૂર છે. આ સાથે શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા ઘણા પ્રયાસો કરવાની ઉપર ભાર મુકવો યોગ્ય ગણાશે.

રજવાડાના સમયમાં વડોદરા, ગોંડલ, ભાવનગર જેવા રાજ્યોમાં શિક્ષણનું સ્તર ખુબ જ ઉંચુ હતું. તે સમયના નિયમો પ્રજા માટે આદેશ સમાન હતા. આજે પરિપત્રો ફાઈલોમાં રહે છે. તેવી છાપ દિનપ્રતીદિન પ્રસ્થાપિત થવા લાગી છે. માટે ચરમસીમાં સુધી શિક્ષણના વ્યાપને વધારવા પ્રયાસો કરવાની જરૂર છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કાર્યકાળમાં અર્થાત પ્રયાસો થયા છે. ૧૯૯૫ની મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે પણ આ દિશામાં શક્ય તેટલા પ્રયાસો કર્યો છે. તેમ છતાં પધ્ધતિમાં સુધારો કરવાની ખાસ જરૂર છે તેમાં બે મત નથી. છેલ્લા દાયકામાં કોર્મસ, વિજ્ઞાન તાબીબી ટેકનોલોજી, એન્જીયરીંગ વગેરે ક્ષેત્રોમાં સહયોગથી અનેક નવી સંસ્થાઓ કાર્યરત થઈ છે. જેથી સીટોની સંખ્યામાં વધારો થયો છે.

રાજ્ય બહાર જતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. જેથી બાહાર જતાં નાણાને પણ અટકાવી શકાયા છે. આજે બહારના રાજ્યમાંથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓને સંખ્યામાં પણ વધારો થયો છે. મેડિકલની સીટોમાં પણ રાજ્ય સરકારના પ્રયાસોને કારણે વધારો થયો છે. નવા નવા અભ્યાસક્રમો પણ ઉમેરવામાં આવ્યાં છે.

પાટનગરની વાત કરીએ તો, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સીટી, પેટ્રોલીયમ યુનિવર્સીટી, ધીરૂભાઈ અંબાણી ટેકનોલોજી યુનિવર્સીટી જેવા કલગીરૂપ સંસ્થાઓ કાર્યરત થઈ છે. સમગ્ર દેશમાંથી વિવિધ અભ્યાક્રમ માટે વિદ્યાર્થીઓ ગુજરાત તરફ આવતા થયા છે. ફોરેન્સીક સાયન્સ યુનિવર્સીટી સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે છે. જેના કારણે ગુજરાત બહારના પ્રાંતોને ગુન્હાઓ શોધવામાં મદદરૂપ કામગીરી રાજ્યસરકર કરી શકી છે. કેન્દ્ર સરકારના સહયોગથી એફ.એસ.એલ.ની સ્થાપના કરીને પણ ખ્યાતનામ સિધ્ધીઓ હાંસલ કરી શકાય છે.

આવા અથાગ પ્રયાસો અને પ્રગતી છતાં ગુજરાતનો ક્રમ ભારતના અન્ય રાજ્યોની સરખામણીમાં નીચે ઉતરતો રહ્યો છે તે ચિંતાનો વિષય છે. માટે યોગ્ય દિશા અને સુધારા પ્રત્યે ધ્યાન દોરવાનો પ્રયાસ આ કોલમમાં કર્યો છે. ગુજરાતમાં આદીવાસી લઘુમતી સમાજ અને પછાત લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. આવા લોકો માટે રાજ્ય સરકારે ગ્રાન્ટો અને સવલતોમાં વધારો કર્યો છે. તેમ છતાં સશસ્ત્ર થવાની જરૂર છે.

છેલ્લા દાયકામાં અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં ભાઈચારો અને એ ખલાસનું વાતાવરણ છે જેથી શિક્ષણ કાર્ય વિના વિલંબે ચાલે છે.

કાયદો અને વ્યવસ્થા પણ યોગ્ય રીતે જળવતી હોવાથી સ્કુલો-કોલેજોમાં હડતાલ, તોફાનો કે બંધ વગેરે નહીં પડતા સત્ર યોગ્ય રીતે ચાલે છે. શૈક્ષણિક કાર્યો રોકટોક વગર થાય છે. તેમ છતાં દેશના અન્ય રાજયોની સાથે શિક્ષણમાં સક્ષમતા આવતી નથી. જેથી મોજણી કરવાની જરૂર છે. શિક્ષણનો પુરતો વ્યાપ ન હોવાને લીધે અંધશ્રધ્ધા, વૈમનસ્ય અને પુરતી રોજગારી મળી શકતી નથી. માટે આ દિશામાં હજુ ઉંડાણપૂર્વક અભ્યાસ કરવાની તાતી જરૂર છે.

# ટ્રેનમાં આગ લાગશે તો સેંસર બચાવ કરશે

નવી દિલ્હીં,તા.૮

લગભગ એક અઠવાડિયા પહેલા બોંગલોર-નાંદડે એકસપ્રેસના એસી ડબ્બામાં આગ લાગવાને કારણે ૨૬ યાત્રીઓના મોતને રેલ્વેએ ઘણી ગંભીરતાથી લીધું છે. ઘટનાથી ઉદાહરણ મેળવતા હવે રાજધાની ટ્રેનોમાં એક ખાસ ઉપકરણ લગાવવામાં આવી રહ્યું છે.

ટ્રેનમાં આગ લાગતા આ ઉપકરણ ટ્રેનના ગાર્ડ તેમજ કોચ અટેન્ડેન્ટનો સાવધાન કરી દેશે, તેમજ ટ્રેન પણ આપમેળે રોકાઈ જશે જેથી પ્રવાસીઓને સુરક્ષીત ટ્રેનમાંથી ઉતારી શકાય. પાયલોટ પ્રોજેકટ તરીકે ભુવેનેશ્વર રાજધાનીમાં લગાવવામાં આવ્યાં છે. ટૂંકા સમયમાં જ તમામ રાજધાની ટ્રેનમાંઆ ઉપકરણ લગાવવામાં આવશે.

ટ્રેનોમાં આગ લાગતા રેલ્વે કર્મચારીઓ તેમજ પ્રવાસીઓને સાવધાન કરવા માટે કોચ અટેન્ડેન્ડની સીટની નજીક તેમજ વીઈએસડીએ (વેરી એડવાન્સ સમાંગ ડિડેકટશન) નામનું ઉપકરણ કોચમાં સ્થળે-સ્થળે લગાવવામાં આવેલા સેંસરથી જોડાયેલા હોય છે.

આ સેંસર ડબ્બામાં ધુમાડો થતા ઉપકરણને તેની સુચના આપે છે એક સીમાથી વધુ ધુમાડો થતા જોખમને જોતા ઉપકરણમાં લાગેલી લાલ એલાર્મ વાગતા ગાડી આમેળે રોકાઈ જાય છે.

વિમાનની જેમ કોચ અટેન્ડેન્ટ જાહેરાત કરી પ્રવાસીઓને જોખમની સુચના આપશે. તેમજ ટ્રેનમાંથી ઉતરવા માટે કહેશે. જમ્મું રાજધાનીમાં આ વ્યવસ્થા મહિનાના અંતમા કાર્ય કરવા લાગશે તેની માટે ટૂંક સમયમાં કોચ એટેન્ડેન્ટોને પણ ટ્રેનિંગ આપવાનું શરૂ કરવામાં આવશે. મળતી વિગત અનુસાર આગ લગાવવાના વધુ પડતા મામલામાં જાણવા મળ્યું છે કે પ્રવાસીઓના મોત રાત્રીના સમયે થયા છે લોકો ઉંઘતા હોય છે, અને ધુમાડાને કારણે બેભાન થઈ જાય છે. આગ લાગતા ટ્રેન રોકાઈ જાય તેમજ પ્રવાસીઓને આ અંગે જાણવામાં આવે તો પ્રવાસીઓના જીવ બચી શકે છે.

# હવે ફક્ત છ દિવસમાં કેન્સરને મટાડી શકાશે

લંડન,તા.૮

વૈજ્ઞાનિકો એવી દવા બનાવવાની નજીક પહોંચી ગયા છે, જે કેન્સરને ફક્ત છ દિવસમાં સારૂં કરી શકશે. બ્રિટનના વૈજ્ઞાનિકોની શોધને એક દવાએ ફક્ત છ દિવસમાં એક ઉંદરમાં પેક્રિએટિક કેન્સરનો સફાયો કરી દીધો. સંભવ છે કે એક દશકની અંદર આ દવા માણસો માટે પણ ઉપલબ્ધ હશે.

કેન્સરની કોશિકાઓની આજુ-બાજુ પડ હોય છે જે તેમની રક્ષા કરે છે. આ નવી દવા પહેલા આ પડને નાશ કરે છે. અને બાદમાં પેક્રિએટિક કેન્સર પર હુમલો કરે છે. જો કે સંશોધકનું કહેવું છે કે અન્ય કેન્સર મામલે આ દવા એટલી પ્રભાવશાળી સાબિત નથી થઈ. કેન્સર રિસર્ચ યુકે કેમ્બ્રી ઈન્સ્ટિના વૈજ્ઞાનિકોએ આ દવાની શોધ કરી છે. તેનું નામ ......૩૧૦૦ અથવા પ્લેરિકસ ફોર રાખવામાં આવ્યું છે. મુખ્ય સંશોધનકાર ડો.ડગલસ ફિરોને જણાવ્યુંહતું કે 'શરીરને કેન્સરના હુમલાથી પોતાને બચાવવા માટે તૈયાર કરવાથી સોલિડ ટયુમર્સની સારવારનો સુધારવામા ઘણી સંભાવનાઓ દેખાઈ રહી છે. આ રીતે ફક્ત પેક્રિએટિક કેન્સારમાં જ નહીં પરંતુ ઓવરી અને ફેફસના કેન્સર સહિત અન્ય કેન્સરમાં પણ ઉપયોગી સાબિત થશે કેમ કે આ તમામ કેન્સર એક જ પ્રકારનો વ્યવહાર કરે છે. એવી આશા છે કે માણસો પર આ દવાનું પરીક્ષણ વર્ષના અંત સુધી શરૂ થઈ જશે.

## સોસિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર પણ છવાયા

# નરેન્દ્ર મોદી દેશના સૌથી લોકપ્રિય નેતા : રાજનાથ

નવી દિલ્હી,તા.૮

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી દેશના સૌથી લોકપ્રિય નેતા છે. આ અંગેનો દાવો હવે ભાજપ પ્રમુખ રાજનાથસિંહ દ્વારા પણ કરવામાં આવ્યો છે. અગાઉ આ પ્રકારની બાબત સર્વેમાં પણ જાહેર થઈ ચૂકી છે. હવે રાજનાથસિંહે કહ્યું છે કે મોદી આજે જાતિ, ક્ષેત્ર અને ધર્મથી ઉપર ઉઠીને સૌથી લોકપ્રિય નેતા બની ચૂક્યા છે. રાજનાથસિંહે એવો દાવો પણ કર્યો હતો કે ભાજપનું કદ કોંગ્રેસથી ઊંચું થઈ ચૂક્યું છે. સ્વતંત્ર ભારતમાં અસ્તિત્વમાં આવેલા કોઈપણ પક્ષની સ્થિતિ આટલી મજબૂત બની શકી નથી. ભાજપ એકમાત્ર એવી પાર્ટી છે જેને આ સફળતા મળી છે. નરેન્દ્ર મોદીની વિશ્વસનીયતા લોકોમાં સતત વધી રહી છે. એનઆરઆઈ ઉપર ભાજપે હવે નજર કેન્દ્રીત કરી લીધી છે. સિંહે કહ્યું હતું કે એનઆરઆઈ લોકોએ ભાજપ સરકાર બને તે માટે પ્રયાસ કરવા જોઈએ અને આવી સ્થિતિ ઊભી કરવી જોઈએ. અમે આવી સ્થિતિ ઊભી કરવા માગીએ છીએ જેમાં દેશમાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણમાં એનઆરઆઈની ભૂમિકા ૪૦ ટકાથી વધારે રહેશે. રાજનાથસિંહની આ પ્રતિક્રિયાને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નરેન્દ્ર મોદી સોશ્યલ નેટવર્કિંગ સાઈટો ઉપર પણ છવાયેલા છે.

તેમની લોકપ્રિયતા સતત વધી રહી છે. યુવા વર્ગમાં મોદી ખૂબ જ લોકપ્રિય બનેલા છે. સામાન્ય ચૂંટણી આડે ખૂબ ઓછા મહિના રહી ગયા છે ત્યારે મોદીની લોકપ્રિયતાનો લાભ લેવાના પ્રયાસ ભાજપના ટોચના નેતાઓ કરી રહ્યા છે. મોદી હાલમાં પોતે પણ ભાજપને મોટી સફળતા અપાવવા દેશભરમાં જુદા જુદા સ્થળોએ રેલી અને સભાઓ કરી રહ્યા છે.

# ઘૂંટણનો દૂ:ખાવો : સર્જરી કરતાં થેરાપી વધુ સારી હોવા અંગે અભ્યાસના તારણો

એક નવા અભ્યાસ અનુસાર જો જરૂરી ન હોય તો, ઘૂંટણના દુ:ખાવા માટે સર્જરી કરતાં ફિઝીકલ થેરાપી એક વધુ સારો ઉપાય છે.

દરમ્યાન એક ફિનીશ અભ્યાસ અંતર્ગત, સર્જરીથી રાહત મળે છે, પણ આ સર્જરી યુવા દર્દીઓ પર તેમજ સ્પોર્ટસથી થયેલી ગંભીર ઈજાઓ માટે કરવી જોઈએ આ પ્રકારનો રોગ ૮૦ ટકા કેસોમાં ઘસારા અને વધતી ઉંમરથી થતો હોય છે. આ સ્થિતીમાં સર્જરીની પણ એક મર્યાદા હોય છે. ફીનીશ સંશોધન કર્તાઓએ સ્વૈચ્છીક દર્દીઓ પર અભ્યાસ કર્યો હતો. જેમાં કેટલાક પર ખરેખર સર્જરી કરાઈ હતી, જયારે કેટલાક પર ફકત દેખાડા પુરતી પ્રક્રિયા કરાઈ હતી. તેમને જણાવ્યું ન હતું કે તેમના પર કઈ પ્રક્રિયા કરવામાં આવી છે. એક વર્ષ બાદ બંને પ્રકારના દર્દીઓના ગ્રુપ પૈકી મોટા ભાગના દર્દીઓએ જણાવ્યું કે તેમના રોગમાં રાહત અનુભવાઈ છે.

# મોંઘવારી ત્રણ જણને નથી નડતી: બાળકો, બાપુઓ અને બાવાઓ

## ૧૯૬૩માં ગોલ્ડનો ભાવ ૬૪ રૂપિયા તોલાનો હતો, આજે ૩૪,૦૦૦ રૂપિયા દસ ગ્રામનો ભાવ છે

મુંબઈ,તા.૮

મોંઘવારીને ભલે જેટલા ધમપછાડાં કરવા હોય એટલા કરે ભલે એ દિન દો ગુની રાત ચોગુની બઢતી રહે, એની ત્રણજ, ઉપર કોઈ અસર નહીં પડે બાળક, બાપુને અને બાવો

બાળકોને વળી મોંઘવારી ક્યાં નડવાની છે? તેણે નથી તો પોતે ખરીદી કરવા જવાનું હોતું કે નથી કમાણી કરવા જવું પડતું! બાપુઓ એટલે ખાસ મિજાજ ધરાવતા અમુક કોમના લોકો અથવા થોડા કહેવાતાં સંતો આ 'બાપુઓ' હુકમો છોડવા અને દાદાગીરી કરવા ટેવાયેલા હોય છે. તેમના ભયથી લોકો તેમને મફતમાં બધું આપી જાય છે આવા બાપુઓને મોંઘવારી શી રીતે નડે? બાવાઓને પણ પારકા પૈસે લહેર કરવાની છે તેમણે તો ભોજન વસ્ત્રો માટે ભક્તો પર ડીપેન્ડન્ટ રહેવાનું છે. તેમને મોંઘવારી નડે તો સંસાર પ્રત્યે વૈરાગ્ય પ્રગટાવે એવા વધુ બે જુઠાણાં-પ્રવચનો આપીને ભોળા લોકોને ભોટ બનાવી દે એટલે પત્યું! આમ બાળકો ,બાપુઓ અને બાવાઓને મોંઘવારી નડતી નથી હજી એમાં બેનો ઉમેરો કરી શકાય એક તો સરકારી બાબુઓ (ઓફીસર્સ) અને ભ્રષ્ટ નેતાઓ તથા બીજા ગર્ભશ્રીમંતો સરકારી જોબ કરનાર વ્યક્તિની સેલરી પ્રમાણસર વધતી રહે છે. ૧૯૮૦માં શિક્ષક તરીકે જોડાયેલા એક ભાઈની સેલરી ૩૫૦ રૂપિયા છે. આજે તેની સેલરી ૫૫,૦૦૦ રૂપિયા છે. મોંઘવારી વધે છે. તેમ તેમની સેલરીય વધતી જાય છે. ભ્રષ્ટ નેતાઓ કૌભાંડો કરીને મોંઘવારીને હંફાવતા રહેછે. ગર્ભશ્રીમંતો પાસે તો એટલી બધી સંપતી છે કે સાત પેઢી સુધી આંચ ન આવે તેમના પર મોંઘવારીનો શો પ્રભાવ પડવાનો વળી ?

મોંઘવારીમાં પીસાવાનું તો ગરીબોને અને પ્રાઈવેટ જોબ કરનાર લોકોને જ હોય છે. મોજશોખની વાત છોડો, પ્રાથમીક જરૂરીયાત સંતોષી શકાય એટલીય અનુકળતા તેમને નથી રહેતી ગરીબ લોકોને તો બીમારી જેવી ઉપાધીયે બે બાજુથી ભીંસમાં લેતી હોય છે.

મોંઘવારીની જરા દાદાગીરી જોઈએ લઈએ ૧૯૮૪ માં પેટ્રોલનો ભાવ ૬ રૂપિયે લીટર હતો. આજે ૨૦૧૩ માં ૭૫ રૂપિયે લીટર છે. ૧૯૫૫ માં ફલેટ છ-સાત લાખમાં મળતો હતો. એ અત્યારે બે કરોડની કિંમતનો થઈ ગયો છે. ૧૯૭૫ માં હું કોલેજમાં ભણતો હતો ત્યારે સિનેમાની બાલ્કનીની ટીકીટ ચાર રૂપિયા હતી. (એગ્રેડનાં એસી થીયેટરમાં ચાર રૂપિયા બાકી તો દોઢ રૂપીયા જ) હોટેલમાં બે રૂપિયામાં ફિક્સ થાળી મળતી હતી. આજે તેના દોઢસો રૂપિયા છે. ગોલ્ડના ભાવ જાણવા છે ? ૧૯૬૩ માં ૬૪ રૂપિયે તોલા, ૧૯૬૯ માં ૧૮૦ રૂપિયે તોલા, ૧૯૭૫માં સીધોજ ૧૮૦૦ રૂપિયે થઈ ગયો! એ બહુ મોટો જમ્પ ગણાયો હતો. ત્યાર પછી ૧૯૮૭ માં એક તોલા ગોલ્ડના ભાવ ૨૭૫૦ રૂપિયા થયો ૧૯૯૩ માં ૪૧૫૦ રૂપિયા, ૧૯૯૯ માં ૪૨૫૦ રૂા. ૨૦૦૫ માં ૭૦૦૦ રૂપિયા અને ૨૦૧૩ માં ૩૦,૦૦૦ રૂપિયા દસગ્રામ સોનાનો રેટ છે.

ઈ.સ. ૧૯૬૫ માં સ્કુલ ટીચર વિદ્યાર્થીને ટયુશન આપવા ઘરે ઘરે જતા ત્યારે એક વિદ્યાર્થી દીઠ એક મહિનાની ટયુશન ફી ત્રણથી પાંચ રૂપિયા જેટલી હતી. ૧૯૮૦ માં હજામ પાસે વાળ કપાવવાના ત્રણ રૂપિયા અને દાઢી કરાવવાના પચાસ પૈસા થતા હતા. અત્યારે ૨૦૧૩ માં વાળ કપાવવામાં ૭૫ રૂપિયા અને દાઢી કરાવવાનાં પંદર રૂપિયા ચુકવવા પડે છે. દુધની બોટલ (૫૦૦ ગ્રામ) ૧૯૮૦ માં એક રૂપિયાની મળતી એટલે કે, બે રૂપિયે લીટર દુધ ઉંચી કવોલીટીનું મળતું. આજે ઓછા ફેટનું દુધ ૪૦ થી ૫૦ રૂપિયાનું એક લીટર મળે તાજુબીની વાત એછે કે, આટલી મોંઘવારી વધી જતાં કપડાનાં ભાવમાં એટલો વધારો થયો નથી પેન્ટ શર્ટનું કાપડ ૧૯૮૦ માં જે ભાવે મળતું તેમાં અંદાજે માંજ દસ ટકાનો વધારો થયેલો જોવા મળે છે.

PDF created with pdfFactory trial version www.pdffactory.com

જૂનાગઢ જીલ્લામાં

# ખેડુતોને વિજ કનેકશન લેવું હોય તો ફરજીયાત પાક સિંચાઈ પધ્ધતી લગાડવા દબાણ કરાય છે

જૂનાગઢ તા. ૮

ગુજરાત સરકાર દ્વારા હાલ ખેડુતોને તત્કાલ યોજના હેઠળ ખેતી માટે વિજ જોડાણની યોજના ચાલી રહી છે. જેમાં ખેડુતોને જેટલી જમીન હોય તેમાં ફરજીયાત ટપક સિંચાઈ પધ્ધતી લગાડવા માટે ફરજ પાડવામાં આવે છે. જેનો 'જૂનાગઢ આમ આદમી પાર્ટી' સખ્ત વિરોધ નોંધાવે છે. આ તત્કાલ યોજના હેઠળ ખેડુતોને એક તો વિજ કનેકશન લેવા માટે કોટેશન પણ મોટી રકમનું આપવામાં આવે છે. તેમજ ટપક સિંચાઈ પધ્ધતી ફરજીયાત ખરીદવાની ફરજ પાડવામાં આવે છે તેવા સંજોગોમાં સામાન્ય ખેડુતો વિજ કનેકશન લેવાની મોટી રકમ ભરી શકતા નથી તેથી સરકાર દ્વારા લાદવામાં આવેલા આવા નિર્ણયોમાં ફેર વિચારણા કરવા માટે જૂનાગઢ આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાત સરકારને રજુઆત કરવામાં આવી છે તેમ છતાં ગુજરાત સરકાર દ્વારા આ અંગેની ફેરવિચારણા કરવામાં નહિ આવે તો આ બાબતે ખેડુતો દ્વારા જે પણ આંદોલન કરવામાં આવશે ત્યારે જૂનાગઢ આમ આદમી પાર્ટીનો સંપુર્ણ ટેકો આપશે અને ખેડુતોના હિતામાં આંદોલન કરશે તેમ એક નિવેદનમાં જણાવ્યું છે.

# જૂનાગઢ સીટી સર્વે કચેરીમાં પ્રોપર્ટી કાર્ડની પેન્ડીંગ એન્ટ્રીઓ તાત્કાલીક પુરી કરવા માંગણી

જૂનાગઢ તા. ૮

જૂનાગઢ રેવન્યુ પ્રેકટીશ્નર્સ એસો. દ્વારા સીટી સર્વે કચેરીમાં પડેલી પ્રોપર્ટી કાર્ડ એન્ટ્રી માટેની અરજી માટેનો નિકાલ તાત્કાલીક કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

મહેસુલ મંત્રીને લખાયેલા પત્રમાં જણાવાયું છે કે જૂનાગઢ સીટી સર્વે કચેરીમાં સુપ્રિન્ટેન્ડેન્ટની જગ્યા ઘણા સમયથી ખાલી છે. અને આ જવાબદારી જૂનાગઢનાં મામલતદારને સોંપવામાં આવી છે. જૂનાગઢ મામલતદાર પાસે ઘણા ચાર્જ છે જેથી એક વ્યકતી કેટલી જગ્યાએ કામ કરી શકે. છેલ્લા ચાર મહીનાથી ૪૦૦ જેટલી અરજીઓ પડી છે જેનો નિકાલ થતો નથી. બીજી બાજુ લોકો પરેશાન થઈ રહયા છે ત્યારે તાત્કાલીક અસરથી જૂનાગઢમાં સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટની કાયમી નિમણુંક કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

સ્ટેચ્યુ ઓફ યુનીટી અંતર્ગત

# માધવપુર ઘેડ ખાતે જુના ખેતઓજારો એકત્રીત કરતા ભાજપના કાર્યકરો

માધવપુર (ઘેડ) તા. ૭

ભારતભરમાં તથા ગુજરાત રાજયમાં ચાલી રહેલા સ્ટેચ્યુ ઓફ યુનીટી કાર્યક્રમ અંતર્ગત જીલ્લા મથકેથી ગામડે ગામડેથી લોખંડ તેમજ પવિત્ર માટી ભેગી કરવાની ઝુંબેશ સંદર્ભે માધવપુર ઘેડ તાલુકા પંચાયતની સીટના વિસ્તારક તરીકે પોરબંદર જીલ્લા ભાજપ ઉપપ્રમુખ અરવીંદ પાંજરી તથા અનીલભાઈ મોતીવારસ માધવપુર મુકામે આવેલા અને સ્થાનિક ભાજપ કાર્યકરો, અગ્રણીઓ, અન્ય જ્ઞાતિના આગેવાનો સાથે માધવપુર ઘેડની મેઈન બજારમાં અને સ્ટેચ્યુ ઓફ યુનીટી વિષે માહિતી આપી અને લોકો તેમાં સહમત છે તે મતલબની સાક્ષી રૂપે સહીઓ કરાવી હતી. બપોર પછી ખેડુતો પાસે જઈ તેમના જુના જર્જરીત થઈ ગયેલા ખેતઓજારો દાન સ્વરૂપે આપેલા તે સ્વીકારી અને અલગ-અલગ ખેતરમાંથી પવિત્ર માટી એકત્ર કરી જીલ્લા મથકે રવાના કરી હતી.

આ કાર્યક્રમ ખુબજ સફળ રહયો અને અંતે માધવપુર ગ્રામ પંચાયતના તમામ સભ્યો સાથે મીટીંગ કરી ગૃપ ફોટો પાડયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા વિપુલ વાજા, કાનભાઈ કરગટીયા, ભરત કરગટીયા તથા હરસુખભાઈએ ખુબજ જહેમત ઉઠાવી હતી અને વિસ્તારકોને માનભેર વિદાય કર્યા હતા.

# જેતપુર પંથકનાં કાગવડ ખાતે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રીયસ્તરનું કૃષિ પ્રદર્શન યોજાશે



(નીતીન વસાણી દ્વારા)

નવાગઢ તા. ૮

જેતપુર પંથકનાં વિશ્વ વિખ્યાત ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા આગામી તા. ૨૧થી ૨૪ જાન્યુઆરી ચાર દિવસીય રાષ્ટ્રીય કક્ષાનું કૃષિ પ્રદર્શન આયોજીત થઈ રહયું છે. અને તે અંગે જેતપુર ખોડલધામ ટ્રસ્ટનાં યજમાનપદે રોટરી હોલમાં ખોડલધામ ટ્રસ્ટનાં સુપ્રીમો નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં સર્વજ્ઞાતિઓનાં આગેવાનોની એક બેઠક મળી હતી.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા ખોડલધામ ટ્રસ્ટનાં સુપ્રિમો નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું કૃષિ પ્રદર્શન માત્ર અત્યાર સુધી પુના (મહારાષ્ટ્ર)માં જ યોજાતું આવ્યું છે. પરંતુ આ પહેલો કિસ્સો બનશે કે આ આંતરરાષ્ટ્રીય કૃષિ પ્રદર્શન સૌરાષ્ટ્રમાં અને ખાસ કરીને જેતપુર પંથકનાં આંગણે યોજાવા જઈ રહયું છે. પુના ખાતે વર્ષો વર્ષ યોજાતા આ પ્રદર્શનમાં માત્ર ૩૫૦ સ્ટોલો હોય છે. જયારે આપણે આ કૃષિ પ્રદર્શનમાં ૮૦૦ સ્ટોલો મુકવાનાં છે જેમાં ૨૭ દેશોમાંથી કૃષિને લગતા વિવિધ ઓજારો, ખાતરો વગેરેનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરાશે.

જયારે જેતપુર ખોડલધામ ટ્રસ્ટનાં પ્રમુખને જેતપુર તથા આફ્રીકા દેશોનાં સાડી ઉદ્યોગનાં મોટાગજાનાં યુવા ઉદ્યોગપતી રવીભાઈ આંબાલીયાએ જણાવ્યું કે કુદરતનો નિયમ છે કે એક હાથે લો, અને એક હાથે આપો, ધર્મને માનવો અને ધર્મને સાચવવો એ બંને અલગ વસ્તુ છે, અને આપણો ધર્મ આપણી સંસ્કૃતિને સાચવવી એ આપણા હાથમાં છે. પોતાનાં બાહોળા વ્યવસાયને કારણે પોતાની આફ્રીકા ખાતે રહેલી ઓફીસ ખાતે જ રહેતા લેઉવા પટેલ સમાજનાં આ યુવા શ્રેષ્ઠીની આ વાતને લોકોએ તાલીઓનાં ગડગડાટ સાથે વધાવી લીધી હતી.

વિદેશમાં રહી દેશની સંસ્કૃતિનું જતન કરવા માટે હંમેશા તત્પર રહેતા રવીભાઈ આંબાલીયાએ અગામી તા. ૨૧થી ત્રિદિવસીય માટે યોજાનારા આ કૃષિ પ્રદર્શન માટે તમામ તૈયારીઓને આખરીઓપ આપી દીધો છે. દૂર દૂરથી આવનારા મહેમાનોની આગતા-સ્વાગતામાં કોઈ કચાશ નહી રખાય તેવી બાંહેધરી આપી હતી અને એક હજાર સ્વયંમ સેવકોનું લીસ્ટ ખોડલધામ ટ્રસ્ટનાં સુપ્રિમો નરેશભાઈ પટેલને સોંપ્યું હતું.

# ઉના ખાતે સસ્તા અનાજનાં વેપારીઓની મળેલી બેઠક ગીર સોમનાથ જીલ્લાનાં હોદેદારોની થયેલી વરણી

(પ્રતાપ કોટીયા દ્વારા)

વેરાવળ તા.૮



તસ્વીર : રાકેશ પરડવા

નવ રચીત ગીર-સોમનાથ જીલ્લો કાર્યરત થયા બાદ દરેક સંગઠનો દ્વારા નવા જીલ્લાના પદાધિકારીઓની વરણી થઇ રહેલ છે જેમાં તાજેતરમાં ઉના ખાતે સસ્તા અનાજના વેપારીઓની એક બેઠક જૂનાગઢ જીલ્લાની મળેલ જેમાં ગીર-સોમનાથ જીલ્લાના હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

ઉના ખાતે જલારામ વાડીમાં જૂનાગઢ તથા ગીર-સોમનાથ જીલ્લાના સસ્તા અનાજના વેપારીઓની એક બેઠક સૌરાષ્ટ્ર-કચ્છ દિન દયાળ ગ્રાહક ભંડાર એસો.ના પ્રમુખ રાજુભાઇ નંદવાણીના અધ્યક્ષ સ્થાને મળેલ જેમાં નવ રચીત ગીર-સોમનાથ જીલ્લાના પદાધિકારીઓની રચના કરવા અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી ત્યારબાદ વેરાવળ લોહાણા સમાજના યુવા અગ્રણી મુકેશકુમાર રસીકભાઇ રૂપારેલીયાની નવ રચીત ગીર-સોમનાથ જીલ્લાના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ અને તેમની સાથે ઉપ પ્રમુખ તરીકે ઉના ના ડાયાલાલ લખમણભાઇ, કોડીનારના રાજુભાઇ બારડ તેમજ મંત્રી તરીકે ગીરગઢડાના રેવાચંદભાઇ ધામેચા, સહમંત્રી પદે તાલાલાના વિનુભાઇ ઉનડકટ અને ખજાનચી તરીકે સુત્રાપાડાના અશોકકુમાર સેવાણીની સર્વાનુમતે વરણી થયાનું જાહેર થતા ઉપસ્થિત સર્વે વેપારીઓએ નવ રચીત ગીર-સોમનાથ જીલ્લાના આ પદાધિકારીઓને વધાવી લીધેલ હતા.

ઉના ખાતેની આ બેઠકમાં જૂનાગઢ જીલ્લાના ૧૪ તાલુકામાંથી વેપારીઓ ઉપસ્થિત રહેલ અને આ બેઠકના આયોજનને સફળ બનાવવા ઉનાના દિનદયાલ ગ્રાહક ભંડાર એસો. ના સભ્યોએ જહેમત ઉઠાવેલ હતી.

# વેરાવળમાં જૈન જાગૃતિ સેન્ટરનાં પદાધિકારીઓનો શપથવિધિ સમારોહ યોજાશે

વેરાવળ તા.૮

વિશ્વભરમાં ૧૫૬ ગ્રૃપો તથા ૬૫ હજારથી વધુ સભ્ય પરીવાર ધરાવતી જૈન જાગૃતિ સેન્ટર નો પ્રારંભ વેરાવળ શહેરમાં કરવામાં આવી રહેલ છે અને આ સંસ્થાના પ્રમુખ તરીકે નગરપાલિકાના ઉપ પ્રમુખ ઉદયભાઇ શાહ તથા સેક્રેટરી તરીકે જયપ્રકાશ ભાવસાર અને સંજયભાઇ શાહ સહીતના પદાધિકારીઓની વરણી કરવામાં આવેલ છે. આ સંસ્થા દ્વારા આગામી તા.૧૧ ને શનિવારે રાત્રીના સાડા નવ કલાકે ૮૦ ફુટ રોડ ઉપર આવેલ સ્વામી લીલાશાહ ભવન ખાતે ચાર્ટર્ડ એનાયત તથા પદગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવેલ છે જેમાં મુંબઇ જે.જે.સી. સેન્ટર બોર્ડના ચેરમેન રમેશભાઇ મોરબીયા, વાઇસ ચેરમેન સંજયભાઇ શાહ, સેક્રેટરી પ્રફુલભાઇ કામદાર, જીલ્લા કલેકટર પટેલ, એસ.પી. ચુડાસમા, નગરપતિ રવિભાઇ ગોહેલ, શાંતિનાથજી શ્વે.મુર્તિ જૈન સંઘના પ્રમુખ નવિનભાઇ શાહ સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહેનાર છે.

# વિદ્યાસહાયકની પણ માંદગી સબબ બદલી કરાવવા હકકદાર : ગુજરાત હાઈકોર્ટ

(મનોજ દવે દ્વારા)

જૂનાગઢ તા. ૮

રાજય સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા તા. ૨૩-૫-૨૦૧૨નાં રોજ બહાર પાડવામાં આવેલ પરીપત્રનું ખોટુ અર્થઘટન કરી વિદ્યાસહાયકની બદલી અરજી ના મંજુર કરાતા ગુજરાત હાઈકોર્ટમાં સરકારનાં નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. આથી નામદાર અદાલતે ચુકાદો આપ્યો હતો કે વિદ્યાસહાયક કર્મચારી પણ માંદગી સબબ બદલી કરાવવા હકકદાર છે.

કચ્છ જીલ્લાનાં અબડાસા તાલુકામાં ૧૯૯૫થી સાલથી વિદ્યાસહાયક તરીકે નોકરી કરતા દિનેશભાઈ નામના કર્મચારીએ પોતાની પત્નીને બ્રેઈન ટયુમર હોય બિમાર પત્નિ અને બાળકોની સાર-સંભાળ રાખવા માટે બદલી કરવાની માંગણી કરી હતી. તેની સામે શિક્ષણ અધિકારી એવો આદેશ કર્યો હતો કે વિદ્યાસહાયક કર્મચારી બદલીની માંગણી કરી શકે નહી. આથી અરજદાર દિનેશભાઈએ ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરી હતી. આ અંગેનો ચુકાદો આપતા નામદાર હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે વિદ્યાસહાયક તરીકે ભરતી થયેલ શિક્ષક પણ માંદગી સબબ બદલી કરાવવા હકકદાર છે. જેથી આ શિક્ષકની બદલી અંગેની અરજી ઉપર પુર્નઃવિચારણા કરવા સત્તાધિશોને હુકમ કર્યો હતો.

# જૂનાગઢ પોલીસ કંટ્રોલ અને પોલીસ ચોકીઓનાં નંબર ઉપર જવાબ મળતો નથી

(મનોજ દવે દ્વારા)

જૂનાગઢ તા. ૮

આપત્તિનાં સમયમાં લોકોને મદદ મળી રહે તે માટે જૂનાગઢ જીલ્લા પોલીસ કંટ્રોલરૂમમાં ટોલ ફ્રી એવો ૧૦૦ નંબર રાખવામાં આવ્યો છે. પરંતુ આ નંબર ઉપર ફોન કરવામાં આવે તો મોટાભાગે રીસીવ થતો નથી. અથવા તો સતત ફોન વ્યસ્ત આવ્યા કરે છે. એવી જ રીતે જૂનાગઢ શહેરની કેટલીક પોલીસ ચોકીઓમાં આપવામાં આવેલા ફોન ઉપાડવામાં આવતા નથી. ત્યારે પ્રશ્ન એ થાય છે કે કાં તો પોલીસ ચોકીઓમાં કર્મચારીઓ નથી અથવા તો કયા કારણોસર ફોન ઉપાડતા નથી તેવી ફરીયાદ લોકોમાંથી ઉઠવા પામી છે.

# વેરાવળમાં પૂ. રામશર્મા આચાર્યજીનાં લીખીત ૩૨૦૦ પુસ્તક મેળાનું આયોજન

વેરાવળ તા.૮

ગીર-સોમનાથ જીલ્લાના મુખ્ય મથક વેરાવળ ખાતે ગાયત્રી પરીવાર સંગઠન દ્વારા પૂ.ગુરૂદેવ શ્રી રામશર્મા આચાર્યજીના લેખીત ૩૨૦૦ જેટલા પુસ્તકોના મેળાનું આયોજન આગામી તા.૧૧ થી તા.૧૫ સુધી કરવામાં આવેલ છે.

વેરાવળના બસ સ્ટેશન સામે આવેલ લોહાણા બોર્ડીંગના અઢીયા હોલમાં ગાયત્રી પરીવાર સંગઠન દ્વારા આયોજન કરાયેલા આ પુસ્તક મેળાના પ્રારંભે જીલ્લા કલેકટર સી.પી.પટેલ, સોમનાથના ધારાસભ્ય જશાભાઇ બારડ, માજી ધારાસભ્ય રાજશીભાઇ જોટવા, ચુનીભાઇ ગોહેલ, ગોવિંદભાઇ પરમાર, એસ.પી. રાજેન્દ્રસિંહ ચુડાસમા, અધિક કલેકટર વી.જે.રાજપુત, ડે.કલેકટર મુછાળ, જીલ્લા ભાજપ પ્રમુખ ઝવેરીભાઇ ઠકરાર, એક્ષપોર્ટ એસો.ના પ્રમુખ લખમભાઇ ભેંસલા, મામલતદાર સીનોજીયા, નગરપતિ રવિભાઇ ગોહેલ, ઉપ પ્રમુખ ઉદયભાઇ શાહ, પશ્ચિમ ઝોનના પ્રમુખ રાજુભાઇ દવે, અમરેલી પૂર્વ ઝોનના પ્રમુખ જે.વી.આચાર્ય, જી.એચ.સી.એલ .ના પ્રેસી. એન.એન.રાડીયા, અંબુજા ના અધિકારી રામ સહીતના અગ્રણીઓની ઉપસ્થિતીમાં તા.૧૧ ને શનિવારે બપોરે ત્રણ કલાકે પુસ્તક મેળો ખુલ્લો મુકવામાં આવનાર છે.

આજના સમયની અતિમહત્વની જરૂરીયાત સદવિચારોનું સર્જન અને સદ વિચારો એ સદ સાહીત્યના વાંચનથી જ જન્મે તેવા શુભ હેતુથી ગાયત્રી પરીવાર દ્વારા વેરાવળ શહેરમાં પાંચ દિવસ સુધી પુસ્તક મેળાનું આયોજન કરેલ છે જેમાં બાળકોને ગમતી વાર્તાઓ, વિધાર્થીઓના જીવનમાં સફળતા મેળવવા માટેના ઉપયોગી પુસ્તકો, સમાજ નિર્માણમાં શું યોગદાન હોવું જોઇએ ? તેની વિગતો સાથેના પૂ.શ્રીરામશર્મા આચાર્યજીના ૩૨૦૦ જેટલા પુસ્તકો આ મેળામાં રાખવામાં આવનાર હોવાનું ગાયત્રી પરીવારના ભીમસીહભાઇ બારડ તથા પ્રભુદાસભાઇ દરીભાઇ એ એક યાદીમાં જણાવી આ પુસ્તક મેળાનો લાભ લેવા અપીલ કરેલ છે.

# વેરાવળનાં કોમી અથડામણનાં બનાવમાં નાસતા ત્રણ આરોપી ઝડપાયા

વેરાવળ તા.૮

વેરાવળ શહેરમાં આજથી છએક માસ પુર્વે થયેલ કોમી અથડામણમાં નાસતા ફરતા આરોપીઓ પૈકીના ત્રણ શખ્સોની ગઇ કાલે સાંજે વેરાવળ પોલીસે અટક કરી કોર્ટમાં રજુ કરવા તજવીજ હાથ ધરાયેલ છે.

આ અંગે સીટી પીઆઇ બી.એમ.વાઘેલા એ જણાવેલ કે, ગત જુન-૨૦૧૩ માં વેરાવળ શહેરમાં થયેલ કોમી અથડામણમાં પોલીસે ફરીયાદી બની ગુન્હો નોંધેલ જેમાં નાસતા ફરતા આરોપીઓ પૈકીના તુરક ચોરામાં રહેતા સલીમ ઉર્ફે ભુરો યુસુફ અબ્દ રહેમાન તથા સરફરાઝ યુસુફ પટણી અને પટેલવાડામાં રહેતો અનીસ હનીફ પંજા પટણી ને ગઇ કાલે સાંજે પાટણ દરવાજા વિસ્તારમાંથી અટક કરેલ છે અને આ ત્રણેય શખ્સોને કોર્ટમાં રજુ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તેમજ આ કોમી અથડામણના ગુન્હામાં અમુક આરોપીઓ ફરાર છે જેને ટુંક સમયમાં પકડી પાડવામાં આવનાર હોવાનું જણાવેલ હતું.

# માંગરોળ : વૃક્ષોનાં કોન્ટ્રાકટ અંગે રજુઆત

માંગરોળ તા. ૮ : માંગરોળનાં માજી ધારાસભ્ય ચંદ્રીકાબેન ચુડાસમાએ માંગરોળ તાલુકાનાં ઓસા (ઘેડ) ગામે નરેગા યોજના તથા ગૌચરની જમીનમાંથી વૃક્ષો કાપવાનાં કોન્ટ્રાકટ આપવામાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ કરવા જૂનાગઢ જીલ્લા કલેકટરશ્રીને અને માંગરોળનાં મામલતદારને એક પત્ર પાઠવી રજુઆત કરેલ છે.

# ઉનાના વરસીંગપુર ગામે ઝેરી દવા પીતા યુવાનનું મોત

ઉના તા. ૮

ઉનાના વરસીંગપુર ગામે રહેતા અલ્તાફ હનીફ મન્સુરીએ તા.૨૭-૧૨-૧૪ ના રોજ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ હતો. જયાં સારવાર દરમ્યાન તેનું મૃત્યુ થયેલ છે. આ બનાવ અંગે ઉના પોલીસે વધ તપાસ હાથ ધરી છે.

# ધોકડવા ગામે રોકડ રકમ સાહીત રૂા.૭૦ હજારની ચોરી

ઉના તા. ૮

ગીરગઢડાના ધોકડવા ગામે ભંગારનો ડેલો ધરાવતા નરેશભાઈ સેફાભાઈ બલદાણીયાના બંધ ડેલાનું તાળું તોડી તસ્કરોએ ટેબલના ખાનામાં રાખેલ રૂા.૪૦ હજાર અને રૂા.૩૦ હજારની કીંમતની મોટરસાયકલ મળી કુલ રૂા.૭૦ હજારની મતાની ચોરી કરી ગયેલ છે. આ બનાવ અંગ ગીરગઢડા પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે વધ તપાસ હાથ ધરી છે.

તા. ૧ થી ૧૫-૧-૨૦૧૪ સુધીમાં નામ નોંધાવનાર શિક્ષિત બેરોજગારોને ૫૦% ફીમાં રાહત આપશું
ગુજરાતી/અંગ્રેજી કોમ્પ્યુટર ટાઈપરાઈટીંગ કોર્ષ
ડેટા એન્ટ્રી ઓપરેટર બની પગભર બનો
● તદ્દન નવા કોમ્પ્યુટર ● બહેનો માટે અલગ બેચની વ્યવસ્થા
હરિકૃપા કોમ્પ્યુટર ટાઈપરાઈટીંગ કલાસ
૨૦૧, શુભમંગલ કોમ્પ્લેક્ષ, એમ.જી. રોડ, પટોળીયા સ્ટેશનરીની બાજુના ડેલામાં, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મો.નં. ૯૩૭૫૦ ૮૩૩૮૪
LPGગેસનાં સોગંદનામા નમૂના મુજબ તૈયાર કરી આપશું

બુધવાર અને શનિવારે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકમાં પ્રસિધ્ધ થતી ફકત ટચૂકડી જાહેરાત ઉપરોકત એડ્રેસ ઉપર પણ આપી શકો છો

## પ્રાર્થના સભા



સ્વ. કમલેશભાઈ દોશી (ઉ.વ.૫૧)

(આદર્શ ટીન ફેકટરી વાળા)

સ્વ. વૃજલાલ તારાચંદ દોશી (આદર્શ ટીન ફેકટરી વાળા)નાં પુત્ર કમલેશભાઈ દોશી (ઉ.વ.૫૧) જેઓ વિનોદભાઈ, અનિલભાઈ, લલિતભાઈ, તથા દમયંતિબેન, ભારતીબેન મહેતાનાં નાના ભાઈ તથા દક્ષેસ (રાજ)નાં પિતા /આકાશ [illegible] સ્વર્ગવાસ થતાં તેમની પ્રાર્થના સભા તા. ૯-૧-૨૦૧૪ને ગુરૂવારનાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે મહેતા નિદાન કેન્દ્ર, ઉપરકોટ રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

## ટેન્ડર નોટીસ

-:: માલસામાનનાં ભાવ અંગે ::-

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત જૂનાગઢ જીલ્લાના સુત્રાપાડા તાલુકાના ચગીયા ગામમાં હાથ ધરવામાં આવનાર ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રનાં બિલ્ડીંગ માટે જરૂરી માલસામાન ખરીદ કરવાનું થતું હોય તો આ માલસામાનનાં ભાવો સ્થાનિક એજન્સીઓ પાસેથી મંગાવવામાં આવે છે.

આ અંગેના ભાવ ગ્રામ પંચાયત કચેરી ચગીય ગામે જાહેર નિવિદા પ્રસિધ્ધ થયાની તારીખ ૦૯-૦૧-૨૦૧૪ થી ૧૩-૦૧-૨૦૧૪ સુધીમાં નિયત ટેન્ડર ફી રૂા. ૧૦૦૦/- ભરી કચેરી સમય દરમ્યાન ટેન્ડર લઈ જવા ત્યારબાદ ૧૬-૦૧-૨૦૧૪ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એડી.થી પહોંચતા કરવાના રહેશે ત્યારબાદ આવેલ ભાવો સ્વીકારવામાં આવશે નહી. ટેન્ડર તા. ૧૭-૦૧-૨૦૧૪ના રોજ બપોરે ૧૪.૦૦ કલાકે ખોલવામાં આવશે. વધુ વિગતો ગ્રામ પંચાયત કચેરી કામના સમય દરમ્યાન ઉપલબ્ધ રહેશે. નિયમ મુજબ ટી.ડી.એસ કપાત કરવામાં આવશે. તથા માલ સામાનનાં ૧% જેટલી બાનાની રકમ ભરવાની રહેશે. ભાવ મંજુર કરવા કે ન કરવા તેની જવાબદારી સક્ષમ અધિકારીશ્રીની રહેશે.

સહી અવાચ્ય
તલાટી કમ મંત્રી
ચગીયા ગ્રામ પંચાયત

માહિતી/જૂના/૭૨૪/૨૦૧૪

## ટેન્ડર નોટીસ

-:: માલસામાનનાં ભાવ અંગે ::-

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત જૂનાગઢ જીલ્લાના સુત્રાપાડા તાલુકાના સોલાજ ગામમાં હાથ ધરવામાં આવનાર ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રનાં બિલ્ડીંગ માટે જરૂરી માલસામાન ખરીદ કરવાનું થતું હોય તો આ માલસામાનનાં ભાવો સ્થાનિક એજન્સીઓ પાસેથી મંગાવવામાં આવે છે.

આ અંગેના ભાવ ગ્રામ પંચાયત કચેરી સોલાજ ગામે જાહેર નિવિદા પ્રસિધ્ધ થયાની તારીખ ૦૯-૦૧-૨૦૧૪ થી ૧૩-૦૧-૨૦૧૪ સુધીમાં નિયત ટેન્ડર ફી રૂા. ૧૦૦૦/- ભરી કચેરી સમય દરમ્યાન ટેન્ડર લઈ જવા ત્યારબાદ ૧૬-૦૧-૨૦૧૪ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એડી.થી પહોંચતા કરવાના રહેશે ત્યારબાદ આવેલ ભાવો સ્વીકારવામાં આવશે નહી. ટેન્ડર તા. ૧૭-૦૧-૨૦૧૪ના રોજ બપોરે ૧૪.૦૦ કલાકે ખોલવામાં આવશે. વધુ વિગતો ગ્રામ પંચાયત કચેરી કામના સમય દરમ્યાન ઉપલબ્ધ રહેશે. નિયમ મુજબ ટી.ડી.એસ કપાત કરવામાં આવશે. તથા માલ સામાનનાં ૧% જેટલી બાનાની રકમ ભરવાની રહેશે. ભાવ મંજુર કરવા કે ન કરવા તેની જવાબદારી સક્ષમ અધિકારીશ્રીની રહેશે.

સહી અવાચ્ય
તલાટી કમ મંત્રી
સોલાજ ગ્રામ પંચાયત

માહિતી/જૂના/૭૨૬/૨૦૧૪

PDF created with pdfFactory trial version www.pdffactory.com

